

૧૫મી ઓગષ્ટની ઉજવણી અંતર્ગત ઠેર ઠેર ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવે છે. સંત રોહીદાસ મંદિર ખાતે હોમગાર્ડના જવાનોએ ત્રિરંગા યાત્રા યોજી હતી. આ કાર્યક્રમમાં મેયર અને ડેપ્યુટી મેયર ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો

### દહેગામમાં ૩૨ મી.મી., કલોલમાં ૧૮ મી.મી. અને ગાંધીનગરમાં ૪ મી.મી. વરસાદ સવારના ૬ થી રાત્રિના ૮ દરમ્યાન નોંધાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં બે-ત્રણ દિવસના વિરામ બાદ આજે પુનઃ મેઘરાજાની પધરામણી થઈ છે. આજે સાંજે બે કલાકમાં સરેરાશ અર્ધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સાંજે ૬ થી ૮ના ગાળામાં આ વરસાદ નોંધાયો છે.

મળતા અહેવાલો પ્રમાણે દહેગામમાં ૩૨ મી.મી., કલોલમાં ૧૮ મી.મી. અને ગાંધીનગરમાં ૪ મી.મી. વરસાદ રાત્રિના ૮ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

સાંજે ૬ થી ૮ ના ગાળામાં આ વરસાદ નોંધાયો તે પૂર્વે ભારે બફારો અને ગરમીનો અહેસાસ લોકો અનુભવી રહ્યા હતા. વરસાદ નોંધાયા પછી વાતાવરણમાં થોડીક ઠંડક થઈ હતી.

જિલ્લામાં હાલ બેવડી ઋતુનો માહોલ ચાલી રહ્યો હોવાથી વાઈરલ બિમારીમાં પણ લોકો સપડાઈ રહ્યા છે એટલુ જ નહિ સતત વાદળછાયા વાતાવરણને કારણે મચ્છરોની ઉત્પત્તિને અનુકૂળ વાતાવરણ હોવાથી મચ્છરજન્ય રોગોના કેસો પણ વધ્યા છે.

જિલ્લામાં આજે બુધવારના સવારના ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૩૯.૧ મી.મી. વરસાદ નોંધાયો છે. જેમાં દહેગામમાં ૪૭૧, ગાંધીનગરમાં ૨૭૫, કલોલમાં ૪૪૪ અને માણસામાં ૩૭૪ મી.મી. વરસાદ નોંધાયો છે. ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો દહેગામમાં ૬૦ ટકા, ગાંધીનગરમાં ૩૯ ટકા, કલોલમાં ૫૭ ટકા અને માણસામાં ૪૭ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્ય કંટ્રોલ રૂમના જણાવ્યાનુસાર રાજ્યના ૮૬ તાલુકામાં આજે રાત્રે ૮ વાગ્યા સુધીમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

# ડહોળા પાણીના કકળાટ વચ્ચે સેકટરોમાં સપ્લાય થતા બોરનુ પાણી પણ ગુણવત્તાયુક્ત

### પાણીની ગુણવત્તા ચકાસવા માટે ૧૩ પ્રકારના ટેસ્ટીંગ : બોરવેલનુ પાણી ગુણવત્તાનો રીપોર્ટ પણ એકદમ ઓકે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના સેકટરોમાં ચોમાસા દરમિયાન સપ્લાય થતુ પાણી ડહોળુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે સેકટરોમાં પાણીની લાઈન ભરવા માટે સેકટરોના બોરનુ પાણી સપ્લાય કરવામાં આવે છે જયારે બોરના પાણીના નમુનાની પણ સરકારી પ્રયોગશાળામાં સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. જેના રીપોર્ટ મુજબ બોરના પાણીની ગુણવત્તા પણ યોગ્ય છે. અલબત્ત પાણીના રીપોર્ટ પણ ઓકે છે જેના લીધે સેકટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા મામલે શહેરીજનોએ ચિંતા કરવાની જરૂર નથી તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરના સેકટરોમાં ડહોળુ પાણી આવતો હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. જયારે પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાતા તંત્રએ પણ આ મામલે રોગચાળાને ડામવા માટે પાણીના નમુના વધારી દેવાયા છે. જેની સરકારી પ્રયોગશાળામાં ચકાસણી કરી પાણી પીવાલાયક છે કે કેમ તે અંગે પણ ખાતરી કરવામાં આવે છે. વરસાદી દિવસોમાં કેનાલમાં પાણીનો સપ્લાય વધતા સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. દર વર્ષે ચોમાસામાં સેકટરોમાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાય છે. જયારે આ વર્ષે પણ સેકટરોમાં સપ્લાય થતા પાણી પુરવઠામાં જરૂરી તત્વોની માત્રા જળવાય છે કે કેમ તે મામલે સેકટરોમાંથી નમુના લઈ તપાસ કરવામાં આવી રહી છે. જો કે સેકટરોમાં સપ્લાય થતા બોરના પાણીના પણ નમુના લેવામાં આવી રહ્યા છે. જેના અંતે પાણી પીવાલાયક હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરીજનોને સપ્લાય થતુ પાણી ગુણવત્તાની દ્રષ્ટીએ યોગ્ય હોવાનુ સ્પષ્ટ થયુ છે.

શહેરમાં પાણી ફોર્સથી આપવા માટે નર્મદાનુ પાણી સપ્લાય કરતા પહેલા બોરના આધારે લાઈન ભરવામાં આવે છે. જયારે બોરના પાણીની ગુણવત્તા ચકાસવા માટે પણ સમયાંતરે નમુના લેવામાં આવે છે. જયારે છેલ્લા નમુના મુજબ બોરનુ પાણી પણ પીવાલાયક હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં સપ્લાય થતુ પાણી જરૂરિયાતના માપદંડથી પણ સારી ગુણવત્તાનુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ અન્વયે સરકારી પ્રયોગશાળાએથી રીપોર્ટ પણ આપી દેવાયો છે. પાણીમાં કલોરીન સહીતની માત્રા વધુ હોય તો પણ નુકશાની થાય છે. જેમાં રીપોર્ટના અંતે કલોરાઈડ અને નાઈટ્રેટ જેવા રસાયણનુ પ્રમાણ પણ તેની પરવાનગીની માત્રા કરતા ઓછુ આવ્યુ છે.

શહેરના ૩૦ સેકટરોમાં અંદાજિત ૪૦ બોર કાર્યરત છે. જયારે દરવર્ષે ચોમાસા પુર્વે અને ત્યારબાદ સરકારી પ્રયોગશાળાના આધારે બોરના પાણીની ચકાસણી કરવામાં આવે છે. જો કે કેમિકલની માત્રા નિયત પ્રમાણ કરતા વધુ હોય તો બોરનો સપ્લાય બંધ કરી દેવામાં આવે છે. પાણીનો રંગ, વાસ, ફલોરાઈડ, નાઈટ્રેટ, કેલ્શિયમ તેમજ પી એચ વેલ્યુ સહીતના ટેસ્ટ કરવામાં આવે છે.

પાણીના નમુનાની તપાસ દરમિયાન જેમાં શ્રેષ્ઠતમ ગુણવત્તા અને અન્ય રહેણાંકમાં પીવા માટે નુકશાનકારક ન બને તે મુજબ જરૂરી માત્રાઓની ચકાસણી કરવામાં આવે છે. જેની સરખામણી કરવામાં આવે છે. સેકટરોમાં બોરના પાણીની ગુણવત્તા શ્રેષ્ઠ હોવાનુ ધ્યાને આવ્યુ છે. છેલ્લા એક દાયકાથી વરસાદનુ પ્રમાણ પણ સારુ છે. જેના લીધે પાણી પણ જમીનમાં ઉતરે છે. જેના લીધે સેકટરોના પાણીના બોરવેલમાં પાણીની ગુણવત્તા પણ સારી હોવાનુ ધ્યાને આવ્યુ છે.

## સે-૪ માં નળમાંથી ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો નિવારવા માંગ

ગાંધીનગર તા ૩

શહેરમાં ચોમાસા દરમિયાન સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે એકબાજુ સેકટરોમા સપ્લાય થતુ પાણી પીવાલાયક હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જો કે પાણી પુરવઠા વિભાગે અગાઉ પાણી ઉકાળીને પીવા માટે પણ નગરજનો સલાહ આપી છે. ત્યારે સે-૪ માં છેલ્લા કેટલાક સમયથી ડહોળુ પાણી આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરના ૪ એ વિસ્તારમાં પ્લોટ નં -૧૭૪ થી ૧૭૭ માં બહારની કુંડીમાં નળમાંથી દુષિત પાણી બેક મારતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જેના લીધે સ્થાનિકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. આ સમસ્યાને નિવારવા સ્થાનિક રહીશોએ લાઈન ચકાસવા માટે પણ પ્રબળ માંગણી કરી છે. બહારના પાણીના નળમાંથી ડહોળુ અને દુષિત પાણી આવતુ હોવાની ફરિયાદો ઉદભવી છે. જેને નિવારવા માટે પણ પ્રબળ માંગ કરવામાં આવી છે.

# અન્ય જિલ્લામાંથી થતી પશુઓની અવર-જવર નિયંત્રિત કરવા સૂચના

### કલેક્ટરના અધ્યક્ષપદે લમ્પી સ્કીનડિસીઝના બચાવ અને નિયંત્રણ માટેના મોનીટરીંગ સેલની મળેલ બેઠકમાં આજે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં લમ્પીનો પ્રવેશ થતો અટકાવવા અન્ય જિલ્લાઓમાંથી આવતા પશુઓની અવર-જવર ઉપર ખાસ નિયંત્રણ થાય તે માટે જિલ્લા પોલીસવડાને કલેક્ટરે ખાસ સૂચના આપી છે.

આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે લમ્પી સ્કીનડિસીઝના બચાવ અને નિયંત્રણ માટેના મોનીટરીંગ સેલની મળેલ બેઠકમાં આજે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

તેમણે દૈનિક સર્વેની કામગીરીનો જિલ્લાનો રિપોર્ટ કરવા જિલ્લા પશુપાલન અધિકારીને સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરે આ બેઠકમાં સર્વેલન્સ સઘન કરવા તેમજ સર્વેલન્સમાં વધુ ને વધુ પશુપાલકોને આવરી લઈ તેમને આ રોગચાળા સામે સતર્ક રહેવાના અભિયાનથી વાકેફ કરવા પર ભાર મુક્યો હતો.

**દૈનિક સર્વેની કામગીરીનો જિલ્લાનો રિપોર્ટ કરવા જિલ્લા પશુપાલન અધિકારીને સૂચના**

જિલ્લા કલેક્ટરે આરોગ્ય અધિકારી અને મેલેરિયા અધિકારીને જિલ્લામાં તેમના દ્વારા કરવામાં આવતી સ્વચ્છતા તેમજ જંતુનાશક દવાના છંટકાવની કામગીરી અસરકારક રીતે કરવામાં આવે તેના પર પણ ભાર મુક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, સુરભિ ગૌત્તમ (આઈએએસ) તથા જિલ્લા પોલીસ વડાના પ્રતિનિધી, ગાંધીનગર મહાનગર પાલિકાના પશુચિકિત્સા અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મેલેરીયા અધિકારી, ચીફ ઓફીસર કલોલ, ચીફ ઓફીસર દહેગામ, નગરપાલીકા માણસાના પ્રતિનિધી તેમજ મેનેજર (એ.એચ.) દૂધસાગર ડેરી, મેનેજર (એ.એચ.) મધુર ડેરી, આસી. મેનેજર (એ.એચ.) ઉત્તમ ડેરી તેમજ જિલ્લાના પશુપાલન ખાતાના તાંત્રિક અધિકારીઓ હાજર રહેલ હતા.

ડૉ. એસ.આઈ. પટેલ, જિલ્લા પશુપાલન અધિકારી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા લમ્પી સ્કીન રોગ બાતે જિલ્લામાં કરેલ કામગીરીની માહિતી રજુ કરી હતી.

# ગુડા નવી ત્રણ ટીપી સ્કીમમાં ૮૦ ફુટ પહોળા આંતરિક માર્ગોનુ નિર્માણ કરાશે

### વલાદ, પાલજ અને અડાલજ વિસ્તારમાં પહોળા રસ્તા બનશે : માર્ગોનુ નેટવર્ક યોગ્ય હોવાથી વિકાસ પણ તેજ ગતિએ થાય છે

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા તૈયાર કરાયેલી નવી ત્રણ ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં ૮૦ ફુટ પહોળા આંતરિક માર્ગોનુ નિર્માણ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. પાલજ, વલાદ અને અડાલજની આ પ્લાનીંગ સ્કીમમાં માર્ગ વાઈડનીંગનો વિશેષ ખ્યાલ રાખવામાં આવશે પહોળા રસ્તાના લીધે વિકાસ પણ તેજ ગતિએ થતો હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં રોડ નેટવર્કના આયોજન સંદર્ભે પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે.

ગાંધીનગરની આસપાસના વિસ્તારમાં વિકાસ માટે નવતર અભિગમ અપનાવાયો છે. જયારે તૈયાર કરાયેલી ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં પહોળા આંતરિક રસ્તાઓ દર્શાવાયા છે. જયારે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવી ટી પી સ્કીમમાં પણ માર્ગ વાઈડનીંગનો વિશેષ ખ્યાલ રાખવામાં આવશે જેમાં રોડ નેટવર્કને વાઈડ બનાવવા માટે પણ આયોજન કરાયુ છે. જેમાં ગુડાની નવી નગર રચના યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે. ગુડા દ્વારા નવી ટી પી સ્કીમોને મંજુરી અર્થે પણ વિભાગને મોકલવામાં આવશે. વલાદ વિસ્તારને અનુલક્ષીને ૧૫૬.૫૭ હેકટર વિસ્તાર ધરાવતી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૩૧ પાલજને અનુલક્ષી ૪૭.૯૩ હેકટર વિસ્તારમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૩૨ તેમજ અડાલજ વિસ્તારને આવરી લેતી ૬૪.૮૧ હેકટરને આવરી લેતી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૨૩ એ તૈયાર કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવી હતી. જેના લીધે આ વિસ્તારમાં રસ્તા બગીચાઓ, રહેણાંકના મકાનો તેમજ વાણિજય સંકુલો સહીતનુ રેખાંકન કરાશે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અગાઉ પાંચ ટી પી સ્કીમ કોલવડા સ્કીમ નં -૧૪ અને ૧૫ કુડાસણ સ્કીમ નં -૩ કુડાસણ કોબા સ્કીમ નં-૪ રાંદેસણ રાયસણ સ્કીમ નં -૧૮ માં આંતરિક માર્ગો ૮૦ ફુટ પહોળાઈ ધરાવતા હશે માર્ગોનુ વાઈડનીંગ વધુ હોય તેવા વિસ્તારમાં વિકાસ પણ ઝડપથી થતો હોવાનુ સ્પષ્ટ થયુ છે. ગુડા કક્ષાએથી નવી ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવા તરફ પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે ટાઉન પ્લાનીંગ સ્કીમમાં આંતરિક માર્ગો ૮૦ ફુટ પહોળા રાખવા માટે પણ ગુડાએ આયોજન કર્યુ છે. જયારે આ પૈકી મોટાભાગની સ્કીમ વિકસિત વિસ્તારમાં સ્થિત છે. જયારે ગુડાના આ આયોજનથી વિવિધ ટી પી વિસ્તારમાં વિકાસને તેજ ગતિ મળશે.

## મેદરા ગામે સિઝનલ ફ્લુનો પ્રથમ કેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાના મેદરા ગામેથી જિલ્લામાં પ્રથમ સીઝનલ ફ્લુનો કેસ નોંધાયો છે. હાલ આ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જિલ્લામાં એક તરફ કોરોનાના કેસો તેમજ વાહકજન્ય રોગના કેસો વચ્ચે સીઝનલ ફ્લુનો કેસ નોંધાતા તંત્ર ચિંતામાં ગરકાવ થઈ ગયુ છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ આજે જિલ્લાના તમામ આરોગ્ય અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને સતર્ક રહેવા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટેની સૂચના આપી છે.

દર્દીની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં સીઝનલ ફ્લુનો પ્રથમ કેસ મળતાં તંત્રએ આ માટે જન જાગૃત્તિ અભિયાન છેડવાનો નિર્ણય કર્યો છે.

તંત્રએ જિલ્લાના તમામ કેન્દ્રો પર આ અંગેની સારવાર ઉપલબ્ધ છે તેમજ આ રોગથી કેવી રીતે બચી શકાય છે તેવા પોષ્ટરો દર્શાવવા માટેની સૂચનાઓ પણ આપી છે.

# શહેરની ફુટપાથ પર બાંકડાનુ સામ્રાજય વોકીંગ કરવામાં પણ અવરોધરૂપ સાબિત

### આડેધડ બાકડા મુકી દેવાતા ઠેર ઠેર જોખમી સ્થિતિ : સેકટરોની સોસાયટીઓ અને જાહેર સ્થળોએ પણ બાકડાનો ઢગ : રહીશો ત્રાહીમામ

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ આમ પણ કંગાળ હાલતમાં છે. ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળે છે. જેના લીધે વોકીંગ કરનારાઓ પણ ગમે ત્યારે ગોથે ચઢે છે. બીજીતરફ ફુટપાથ પર આડેધડ મુકવામાં આવેલા બાકડા પણ વોકીંગ કરનારાઓ માટે જોખમી બન્યા છે. વોક વે વચાળે જ બાકડાના ઢગ ખડકાયા છે. સેકટરોમાં પણ બાકડા મુકી દેવાયા બાદ કેટલાક ઠેકાણે ગમે ત્યારે તુટી પડતા ભારેખમ બાકડા રહીશો માટે અકસ્માતનુ કારણ બનતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. શહેરના ફુટપાથ પરથી બાકડા દુર કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં બાકડાની બબાલ વધી ગઈ છે. જયારે શરૂઆતના સમયે સેકટરોમાં ઠેર ઠેર બાકડા મુકવા માટે સ્થાનિક કોર્પોરેટરો ઉત્સાહી બન્યા હતા જયારે સેકટરોની સોસાયટીઓ, બગીચાઓ અને જાહેર સ્થળોએ બાકડાના ઢગ ખડકી દેવાયા હતા કોર્પોરેટરોએ બાકડા મુકવા માટે જાણે સ્પર્ધાત્મક અભિગમ અપનાવ્યો હતો જયારે આજે વર્ષોના અંતે ઠેર ઠેર આડેધડ ખડકાયેલા બાકડા બબાલનુ કારણ બન્યા છે. સેકટરોમાં બાકડાઓનુ સામ્રાજય વધુ છે. ત્યારે નગરની ફુટપાથ ગાબડાઓની સાથે બાકડાથી પણ ઘેરાયેલી છે. સેકટરોમાં ગમે ત્યાં મુકવામાં આવેલા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# કહેર યથાવત : શહેરમાં ૨૭ અને ગ્રામ્યમાં નવા ૨૯ કેસ નોંધાયા

### શહેરમાં આજે એક દર્દીને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૨, ગાંધીનગરમાં ૯, કલોલમાં ૪, માણસામાં ૪ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં આજે સે. ૩૦માં ૪, આઈઆઈટીમાં અને રાયસણમાં ૩-૩ કેસ તેમજ સે. ૮ અને સે. ૧૩ માં ૨-૨ કેસ, આ ઉપરાંત સે. ૧, ૪, ૫, ૭, ૯, ૨૦, ઈન્ફોસીટી, કોલવડા, પેથાપુર, રાંદેસણ, રાંધેજા અને સરગાસણમાંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત્ રહેવા પામ્યો છે. ગાંધીનગર શહેરમાં આજે નવા ૨૭ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૯ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસો લોકલ ટ્રાન્સમિશનથી થઈ રહ્યા છે અને કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત જરૂર છે.

શહેર-જિલ્લામાં આજે ૫૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૪ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૦ ટકા જેટલો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના લોકલ ટ્રાન્સમિશનને નાથવા માટે તંત્રએ સઘન સર્વેલન્સની સાથે સાથે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની નીતિના અસરકારક અમલીકરણ માટે તાકીદ કરી છે.

શહેર-જિલ્લામાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે અને તેમાંય ખાસ કરીને અંતરિયાળ ગામોમાંથી કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ કેસ નોંધાયા છે. જેમાં ૧૦ મહિલા અને ૪ દર્દી ૬૦ થી વધુ વયના છે. ચાર કર્મયોગી અને એક અર્ધ સરકારી સંસ્થાના કર્મયોગી, ત્રણ શ્રમિકોનો પણ સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૨, ગાંધીનગરમાં ૯, કલોલમાં ૪, માણસામાં ૪ કેસ નોંધાયા છે.

દહેગામ અને માણસામાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રમાં દોડધામ વધી છે. સર્વેલન્સ સઘન કરવા સાથે ટેસ્ટીંગ

● અનુસંધાન પાન-૭ પર

## આજે મહિલા નેતૃત્વ દિનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજે નારી વંદના સપ્તાહની ઉજવણીના ભાગરૂપે મહિલા નેતૃત્વ દિનની ઉજવણી કરવામાં આવશે.

જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં સવારે ૧૧ વાગે યોજાનારા આ કાર્યક્રમમાં પંચાયતની મહિલા સરપંચો, પશુપાલન ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરનાર મહિલાઓનું વિશેષ સન્માન કરવામાં આવશે.

મહિલા નેતૃત્વ દિનની વિશેષ ઉજવણીને લઈ જિલ્લાભરમાંથી પંચાયતમાં ચૂંટાઈને આવેલ મહિલા સદસ્યો હાજર રહેનાર છે. જિલ્લાના ચારેય તાલુકામાંથી શ્રેષ્ઠ મહિલા સરપંચો તરીકેની કામગીરી કરી રહેલ છે તેમનું સન્માન કરવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com